કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા વધીને ૨૩૫એ પહોંચી ગઈ

ગુજરાતમાં કોરોનાના નવા ૨૯ કેસ નોંધાયા, ૨૪ દર્દી સાજા થયા

અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૮,૧૬,૬૫૪ દર્દીએ કોરોનાને હરાવ્યો

। અમદાવાદ ।

રાજ્યમાં કોરોનાના દૈનિક કેસનો આંકડો ૪૦એ પહોંચી ગયો હતો, પરંતુ ફરી ઘટાડો થતાં ચાર દિવસથી કેસ ૩૦થી ઓછા નોંધાઈ રહ્યાં છે. સોમવાર સાંજના પાંચ વાગ્યાં સુધીના ૨૪ કલાકમાં ગુજરાતમાં કોરોનાના નવા ૨૯ કેસ નોંધાયા છે. સારવાર દરમિયાન વધુ ૨૪ દર્દી સાજા થતાં તેમને રજા અપાઈ છે. ગુજરાતમાં સારવાર હેઠળના દર્દીની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. છેલ્લી સ્થિતિ મુજબ રાજ્યમાં કુલ ૨૩૫ દર્દી સારવાર હેઠળ છે. જેમાથી નાજુક સ્થિતિના કારણે ૪ દર્દીની સારવાર વેન્ટિલેટર હેઠળ છે. ૨૩૧ દર્દીની સ્થિતિ સુધાર પર હોવાનો સરકારે દાવો કર્યો છે. અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૮,૧૬,૬૫૪ દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે. ૧૦,૦૯૦ નાગરીકોને કરોના ભરખી ગયો છે. ૨૪ કલાકમાં નવા નોંધાયેલ કેસમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧૫ કેસ, વડોદરા કોર્પોરેશનમાં ૪, જામનગર અને સુરત કોર્પોરેશનમાં એક-એક કેસ નોંધાયો છે. જિલ્લાઓમાં સૌથી વધુ વલસાડમાં ૫, સુરતમાં ૨ અને ખેડામાં એક કેસ નોંધાયો છે.

દ. ગુજરાતના વલસાડમાં કોરોનાથી ૧ દર્દીનું મોત

સુરત : સોમવારે દક્ષિણ ગુજરાતમાં કોરોનાના નવા ૮ કેસ દેખાયા હતા. જેમાં સુરત શહેરના ૧, સુરત જિલ્લાના ૨ અને વલસાડના ૫ દર્દીનો સમાવેશ થાય છે. જ્યારે વલસાડમાં કોરોના સંક્રમિત વધુ એક દર્દી મોતને ભેટ્યો હતો.

સતત ત્રીજા દિવસે શહેરમાં દૈનિક કેસનો આંક ડબલ ડિજિટમાં

અમદાવાદમાં કોરોનાનાં સંક્રમણનું જોર વધ્યું, નવા ૧૫ કેસ નોંધાયા

૨૪ કલાકમાં સાજા થનાર દર્દીની સંખ્યા 'શૂન્ય' : જિલ્લામાં એકપણ કેસ નહીં

। અમદાવાદ ।

અમદાવાદ શહેરમાં કોરોના સંક્રમણ ધીરેધીરે વધી રહ્યું છે. શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી કોરોનાના દૈનિક કેસની સંખ્યા ડબલ ડિજિટમાં નોંધાઈ રહી છે. સોમવાર સાંજના પાંચ વાગ્યાં સુધીના વિતેલા ૨૪ કલાકમાં નવા ૧૫ કેસ નોંધાયા છે. બીજી તરફ ૨૪ કલાકમાં શહેરમાં કોરોનાનું એકપણ દર્દી સાજુ થયું નથી. મળતી માહિતી મુજબ અમદાવાદની એસવીપી હોસ્પિટલમાં અત્યારે કોરોનાના કુલ ૨ દર્દી સારવાર લઈ રહ્યાં છે. અમદાવાદ જિલ્લામાં આજે પણ નવો એકેય કેસ નોંધાયો નથી. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર અને જિલ્લામાં કોરોનાના દૈનિક કેસની સંખ્યા શૂન્ય થઈ ગઈ હતી. પરંતુ હવે ફરી કેસ વધવા લાગ્યાં છે.

શહેરમાં 'ડેલ્ટા' અને 'કપ્પા' વેરિઅન્ટના બે કેસ

ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં અમદાવાદમાંથી કોવિડના બે દર્દીઓના સેમ્પલ જિનોમ સીક્વન્સીંગ માટે પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીમાં મોકલાયા હતા. આ બંન્ને કેસમાં 'ડેલ્ટા' અને 'કપ્પા' વેરિએન્ટ જોવા મળ્યા હોવાનું જાણવા મળે છે. ઓગસ્ટમાં મોકલાયેલા બે દર્દીના સેમ્પલ પૈકી એક દર્દીના સેમ્પલમાં 'ડેલ્ટા' અને 'કપ્પા' વેરિએન્ટ જોવા મળ્યા હતા. જ્યારે સપ્ટેમ્બરમાં એક દર્દીના સેમ્પલમાં 'ડેલ્ટા' વેરિએન્ટ હોવાનું જાણવા મળ્યાનું બી. જે. મેડિકલ કોલેજના સૂત્રોએ જણાવ્યું છે. પુણેની આ લેબોરીટરીમાં ઓક્ટોબર મહિનામાં જિનોમ સીક્વન્સીંગ અંગે મોકલાયેલા સેમ્પલના પરિણામો હજુ આવ્યા નથી. નવેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં આ પ્રકારે કોઈ સેમ્પલ મોકલવામાં આવ્યા નથી.

ગાંધીના ગુજરાતમાં ગોડસેના ગુણગાન ગવાયા

જામનગરમાં નાથુરામ ગોડસેની પ્રતિમા મુકાતાં ભારે ઊહાપોહ

। જામનગર ।

જામનગરમાં સોમવારે હિન્દુ સેના નામની સંસ્થાએ કાલાવડ નાકા બહાર દુધીયા હનુમાન આશ્રમવાળી ખાનગી જગ્યામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના હત્યારા નાથુરામ ગોડસેની પ્રતિમા મૂકી છે. ગત સપ્ટેમ્બર માસમાં હિન્દુ સેના નામની સંસ્થાએ ગાંધીજીના હત્યારા નાથુરામ ગોડસેની પ્રતિમા મુકવાની માંગણી મહાનગરપાલિકાના તંત્ર સમક્ષ કરતાં વિવાદનો મધપુડો છંછેડાયો હતો. તે વખતે પણ કોંગ્રેસ દ્વારા સંસ્થાની આવી માંગણીનો ભારે વિરોધ કરાયો હતો. દરમ્યાનમાં સોમવારે નાથુરામ ગોડસેની પુણ્યતિથિ નિમિત્તે કાલાવડ નાકા બહાર મોરકંડા આશ્રમ રોડ પર આવેલા દુધીયા હનુમાન આશ્રમ નામની કોઈ સંપતબાપુ હસ્તકની ખાનગી જગ્યામાં નાથુરામ ગોડસેની અર્ધ પ્રતિમા મુકી હતી. જે વેળાએ સંસ્થાના કાર્યકરોએ નાથુરામ ગોડસે અમર રહેના નારા લગાવ્યા હતાં.

કાનૂની કાર્યવાહી કરીશું : કોંગ્રેસ શહેર પ્રમુખ

જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા જણાવે છે કે, ગાંધીજી અહિંસાના પુજારી હતાં. તેના હત્યારાની પ્રતિમા મુકીને આ લોકો શું સાબીત કરવા માંગે છે..? અમે એસ.પી.ને રજુઆત કરીને આવા સંગઠન પર પ્રતિબંધની માંગણી કરીશું. પોલીસ ફરિયાદની કાર્યવાહી અને જરૂર પડ્યે કોર્ટ કાર્યવાહી કરીશું.

રેરાએ સુરતના બિલ્ડર રાજહંસ ઈન્ફ્રાકોન ઈન્ડિયા પ્રા.લિ.ને રૂ. બે લાખનો દંડ ફટકાર્યો

અમદાવાદ : ગુજરાત રિઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (RERA)એ સુરતના પ્રમોટર 'રાજહંસ ઈન્ફ્રાકોન ઈન્ડિયા પ્રા.લિ.'ને રૂ. બે લાખનો દંડ ફટકાર્યો છે. રેરાએ હુકમ કર્યો છે કે, પ્રમોટર તેના પ્રોજેક્ટ 'રાજહંસ સિન્ફોનિયા' અંગેનો ત્રિમાસિક અહેવાલ Q-૫ (૦૭.૦૩.૨૦૨૧) રેરાના વેબપોર્ટલ પર ત્રીસ દિવસમાં સબમિટ કરે તથા રેરા આઈટી શાખા પ્રમોટરને તેના આ દસ્તાવેજ રેરા વેબપોર્ટલ પર અપલોડ કરવા માટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવે. મહત્વનુ છે કે, પ્રમોટરે તેના પ્રોજેક્ટનો ત્રિમાસિક અહેવાલ Q-૫ નિર્ધારિત સમયમર્યાદામાં કે સુનાવણી સુધી પણ રજૂ કરેલ નહીં.

MBBSના વિદ્યાર્થીને તેના જરૂરી સર્ટિફિકેટ આપો, યુનિવર્સિટીના ક્લાર્ક હાજર રહે : HC

અમદાવાદ : ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે આદેશ કર્યો છે કે, સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર GMERS કોલેજમાં એમબીબીએસના વિદ્યાર્થીને ઈન્ટર્નશિપ પૂર્ણ થયાનું સર્ટિફિકેટ, ટ્રાન્સ્ક્રિપ્ટ, પ્રથમ ટ્રાયલ સર્ટિફિકેટ આપો. અરજદાર ડીડી અથવા ચેક અથવા રોકડ લઈને યુનિવર્સિટીના ક્લાર્ક સમક્ષ જઈ જરૂરી પૈસા જમા કરાવે. આવતી સુનાવણીએ યુનિવર્સિટીના ક્લાર્ક હાઈકોર્ટ સમક્ષ હાજર રહે. કેસની વધુ સુનાવણી ૧૭ નવેમ્બરે હાથ ધરાશે.

લોભ-લાલચ-ધાકધમકી આપી દેવીદેવતાઓની પૂજા નહીં કરવા થતું દબાણ

ભરૂચના કાંકરિયા ગામેથી ૩૭ કુટુંબના ૧૦૦ હિન્દુઓને મુસ્લિમ બનાવવાનું ષડ્યંત્ર ઝડપાયું

કટ્ટર મુસ્લિમોની હિન્દુઓને ધમકી : 'અમારી ઓળખાણ કાશ્મીરથી પાકિસ્તાન સુધી છે'

। ભરૂચ ।

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના કાંકરિયા ગામના ૧૦૦ થી વધુ હિન્દુઓને લોભ લાલચ અને ધાક ધમકી આપી મુસ્લિમ ધર્મમાં ધર્માંતરણ કરાવવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. પોલીસે ષડયંત્રમાં સંડોવાયેલા ૯ આરોપીઓ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આમોદ તાલુકાના કાકરીયા ગામમાં ધાર્મિક કટ્ટર સિન્ડીકેટના સભ્યો ઘણા સમયથી ધર્મના નામે ગેરકાયદે રીતે ધર્માતરણ કરાવવા અને મુસ્લિમ કટ્ટરવાદી લોકો વિદેશમાંથી ફંડીંગ ભેગુ કરી ધર્માતરણની અસામાજીક પ્રવૃત્તિ ચલાવી રહ્યા હતાં. કટ્ટરવાદીઓ વસાવા હિન્દુ લોકોને રોકડ રૂપિયા અને અન્ય સહાયની લાલચ આપી તેઓની આર્થિક સ્થિતિ તથા તેમની અજ્ઞાનતાનો લાભ લઈ હિન્દુ અને મુસ્લિમ ધર્મના લોકો વચ્ચે વૈમનસ્ય ફેલાવવાનો પ્રયાસ કરતા હતાં.

કાંકરિયા ગામે પ્રવીણ વસાવા અને અન્ય હિન્દૂ સમાજના લોકોને મુસ્લીમ ધર્મ સ્વીકારવા માટે ધમકી આપતા હતા. તેમજ ધર્મપરિવર્તનની ફરિયાદ કરીશ તો મારી નાખવાની ધમકી આપી હતી. મુસ્લિમ કટ્ટરવાદીઓએ જણાવ્યું હતું કે અમારી ઓળખાણ કાશ્મીરથી પાકિસ્તાન સુધી છે. તેમજ દેવી દેવતાઓની પુજા નહીં કરવા તેમજ હિન્દૂ ધર્મના લોકોની લાગણી દુભાઈ તેવું ભાષણ કરતા હતાં.

આમ લોભ લાલચ અને ધાકધમકી આપી કાકરીયા ગામના વસાવા હિન્દુ જ્ઞાતિના ૩૭ જેટલા કુટુંબોના ૧૦૦ થી વધારે લોકોને લોભ - લાલચ અને ધાકધમકી આપી મુસ્લિમ ધર્મ પરિવર્તન કરાવવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે.

અગાઉ ઉત્તરપ્રદેશ અને વડોદરામાં આવા જ પ્રકારના ગુનામાં ભરૂચ જિલ્લાના નબીપુરના વતની અને હાલ લંડન રહેતા ફેફ્ડાવાલા હાજી અબ્દુલ નાએ વિદેશમાંથી ફંડ ઉભું કરી ભારત દેશમાં ગેરકાયદેસર રીતે લાવી તે નાણાનો ગેરકાદેસર રીતે હિન્દુ લોકોને મુસ્લિમ ધર્મ પરીવર્તન કરાવવામાં ઉપયોગ કરેલ છે.

આ અંગે કાકરીયા ગામના જાગૃત નાગરિકે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ષડયંત્રમાં સહાય કરતા ઈસમો વિરુદ્ધ આમોદ પોલીસમાં ગુનો દાખલ કરાયો છે.

ધર્મ પરિવર્તન કરાવવાના ષડયંત્રના આરોપીઓ

શબ્બીરભાઇ બેકરીવાલા રહે. આમોદ • સમજાભાઇ બેકરીવાલા રહે . આમોદ • અબ્દુલ અઝીઝ પટેલ રહે. કાંકરીયા તા. આમોદ, જી. ભરૂચ • યુસુફ જીવણ પટેલ રહે. કાંકરીયા તા. આમોદ • અયુબ બરકત પટેલ રહે. કાંકરીયા તા. આમોદ • ઇબ્રાહીમ પુના પટેલ રહે . કાંકરીયા તા . આમોદ • ફેફડાવાલા હાજી અબ્દુલ્લા રહે. નબીપુર, હાલ લંડન • હશન ટીસલી રહે. આછોદ, તા. આમોદ • ઇસ્માઇલ આછોદવાલા ઉર્ફે ડેલાવાલા (મૌલવી) રહે . આછોદ તા . આમોદ

તપાસ માટે એજન્સીઓ પણ કામે લાગી

ભરૂચ જિલ્લાને અત્યંત સંવેદનશીલ જિલ્લો ગણવામાં આવે છે. ત્યારે આવા ધર્માંતરણની ઘટનાના પગલે પોલીસ તંત્ર ચોકી ઉઠ્યું છે. સાથે જ હવે આવા પ્રકરણો અંગે સાવચેતીના પગલાં લેવા અને તપાસ માટે એજન્સીઓ પણ કામે લાગી હોવાનું જાણવા મળ્યુ છે.

ધર્માંતરણની પ્રક્રિયા લાંબા સમયથી ચાલતી હોવાની શંકા

કાંકરિયા ધર્માતરણ ઘટના અંગેપ્રાથમિક વિશ્લેષણ કરતા આ ધર્માતરણ અંગેની પકીયા લાંબા સમયથી ચાલતી હોય તેવી સંભાવના છે સાથેજ વચેટિયાની ભૂમિકા પણ હોય તેવી સંભાવના છે. તેમજ આ ધર્માતરણની ઘટનામાં મોટી રકમ અપાઈ હોવાની સંભાવના નકારી શકાતી નથી

ન્યૂઝીલેન્ડના પ્રવાસની વ્યવસ્થા નહીં કરીને રૂ. ૫૫ હજાર કાપતા એજન્સી દંડાઈ

કેસવી ટૂર એન્ડ ટ્રાવેલ્સને વળતર ચૂકવવા કમિશનનો હુકમ : કપાત રકમ ઉપરાંત માનસિક યાતના-કાનૂની ખર્ચ ચૂકવવા નિર્દેશ

। અમદાવાદ ।

ન્યૂઝીલેન્ડ પ્રવાસની વ્યવસ્થા નહીં કરવા છતાં એડવાન્સ રકમમાંથી રૂ.૫૫,૫૦૦ની રકમ કપાત કરવા બદલ શહેર ગ્રાહક તકરાર નિવારણ કમિશને અમદાવાદના ઓફ સીજી રોડ સ્થિત કેસવી ટૂર એન્ડ ટ્રાવેલ્સને દંડ ફટકારતો હુકમ કર્યો છે. ૨૦૧૮-૧૯ના ઘટનાક્રમના આ કેસમાં ૧૦મી નવેમ્બરે હુકમ કરાયો છે, જેમાં નિર્દેશ કરાયો છે કે, ટૂર એજન્સીએ ફરિયાદી ગ્રાહકને રૂ. ૫૫,૫૦૦ અરજી દાખલ કર્યાની તારીખથી સાત ટકા વ્યાજ સાથે ૩૦ દિવસમાં ચુકવવાના રહેશે, આ ઉપરાંત માનસિક યાતના અને કાનૂની ખર્ચ પેટે કુલ મળીને ૫ હજાર વળતર ચૂકવવાનો હુકમ કરાયો છે.

નડિયાદ ખાતે રહેતાં અરજદાર આર.ટી. ગુપ્તાએ ગ્રાહક કોર્ટમાં દાવો માંડ્યો હતો. કેસમાં રજૂઆત કરાઈ હતી કે, ટૂર એજન્સીને ૩ વ્યક્તિના ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ચેક તથા રોકડથી કુલ ૫.૦૪ લાખ ચુકવાયા હતા. એપ્રિલ ૨૦૧૯માં ફરિયાદીએ પ્રોગ્રામની માહિતી પૂછતાં એવો જવાબ મળ્યો હતો કે, દીકરીના વિઝા મળ્યા નથી એટલે બે વ્યક્તિનું ટૂર પ્લાનિંગ કરવા અને દીકરીના નાણાં ભર્યા છે તે પરત કરવા ગ્રાહકે એજન્સીને જણાવ્યું હતું. એ પછી જુલાઈ ૨૦૧૯માં એજન્સીએ રૂ. ૪,૪૮,૫૦૦નો ચેક ફરિયાદીને આપ્યો હતો, જોકે બાકી રૂ. ૫૫,૫૦૦ પરત ન ચૂકવતાં કમિશન સમક્ષ વળતરની દાદ મંગાઈ હતી, કમિશને હુકમમાં નોંધ્યું હતું કે, ટૂર એજન્સીની બેદરકારી તથા સેવાકીય ક્ષતિ જણાઈ આવે છે.

સ્ટર્લિંગ બાયોટેક લિમિટેડની પૂર્ણરૂપે, ચાલુ પેઢી આધારિત, ફડચામાંની ઈ-હરાજી માટે ઈઓઆઈ જમા કરાવવાની અંતિમ તારીખમાં વધારો

આ વર્તમાનપત્રમાં તા. ૨૧.૧૦.૨૦૨૧ તથા ૦૪.૧૧.૨૦૨૧ના રોજ પ્રકાશિત સ્ટર્લિંગ બાયોટેક લિમિટેડની પૂર્ણરૂપે, ચાલુ પેઢી આધારિત, ઈ-હરાજી માટેની સાર્વજનિક જાહેરાતના અનુસંધાને, સૂચિત કરવામાં આવે છે કે અભિરૂચિની અભિવ્યક્તિ (ઈઓઆઈ) જમા કરાવવાની અંતિમ તારીખ ૩૦.૧૧.૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે. પ્રક્રિયા દસ્તાવેજ મુજબની અન્ય સમયમર્યાદાઓમાં પણ તે મુજબ વધારો/સુધારો ધ્યાનમાં લેવો. આ સંદર્ભે સંપૂર્ણ વિગતો માટે કોર્પોરેટ ડેબ્ટરની વેબસાઇટ, http://www.sterlingbiotech.in/liquidation.html પર અપલોડ કરવામાં આવેલ તા. ૧૫.૧૧.૨૦૨૧ના રોજનો પ્રક્રિયા દસ્તાવેજ, વર્ઝન ૨.૨ વાંચો.

સ્ટર્લિંગ બાયોટેક લિમિટેડ વતી (ફડચામાં)
સહી/-
ડો. (એચ.સી.) સીએસ એડવ મમતા બિનાની
લિક્વિડેટર
રજિસ્ટ્રેશન નંબર : IBBI/IPA-002/IP-N00086/2017-18/10227
liquidatorsterlingbiotech@gmail.com (કાર્યવાહી વિશેષ)
mamtabinani@gmail.com (આઈબીબીઆઈ સાથે રજિસ્ટર્ડ)
ટેલિફોન નં. : +૯૧ ૯૮૩૧૦૯૫૫૧
લિક્વિડેટરનું આઈબીબીઆઈ સાથે રજિસ્ટર થયેલ સરનામું :
રજો માળ, નિક્કો હાઉસ, ૨ હેર સ્ટ્રીટ,
કોલકાતા ૭૦૦૦૦૧, પશ્ચિમ બંગાળ
તારીખ : ૧૫.૧૧.૨૦૨૧

TOURISM CORPORATION OF GUJARAT LIMITED (TCGL)
(A Government of Gujarat undertaking)
Nigam Bhavan Sector 16, Block C First Floor,
Nr. GH 4½ Bus Stand, Gandhinagar - 382 016
Website: https://www.gujarattourism.com
Gujarat Tourism

TENDER NOTICE

Bids are invited from reputed and experienced Agencies for the **"Providing PMC Services for Development of Vernacular School Complex at Vadnagar, Gujarat".** The project requirements, technical specifications, eligibility criteria, selection process, etc. are included in the Tender documents, which shall be available for download from the websites: **https://www.nprocure.com/** and **http://www.gujarattourism.com** from 18/11/2021.The last date for submission of the **Financial Bid is 10/12/2021 up to 3:00 pm. and Technical Bid is 13/12/2021 up to 3:00 pm.** The Financial Bid shall be uploaded in n-procure website only.

Managing Director of TCGL reserves the right to reject or accept any or all tenders without assigning any reason thereof.

Managing Director

ઓન લાઈન જાહેર નિવિદા નં.૫ સને ૨૦૨૧-૨૨
માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૪, "બી" બ્લોક , પાટનગર યોજના ભવન, સેકટર નં.૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન નં.૭૯-૨૩૨-૫૯૧૯૯,૯૮ અને ૯૩ ધ્વારા યોગ્ય લાયકાત ધરાવતાં ઈજારદારો પાસેથી

(૧) પ્રોવાઈડીંગ એન્ડ ફીક્સીંગ મોડયુલર ફર્નિચર, બેડ, ડાયનીંગ ટેબલ્સ ફોર બોયઝ હોસ્ટેલ (એસ.સી.) ઈન સેક્ટર-૧૫, ગાંધીનગર જેની અંદાજીત કીંમત રૂ.૪૧૨.૬૯ લાખ છે.

(૨) મેઈન્ટેનન્સ ઓફ ફાયર સીસ્ટમ એન્ડ સપ્લાયીંગ સ્કીલ્ડ ઓપરેટર એન્ડ અધર મટીરીયલ્સ ફોર કર્મયોગી ભવન સેક્ટર-૧૦/એ, ગાંધીનગર જેની અંદાજીત કીંમત રૂ.૨૨.૨૧ લાખ છે.

જે કામ ઈ-ટેન્ડરીંગ પધ્ધતિથી ઓન લાઈન માંગવામાં આવેલા છે. અનુક્રમ નં.૧ ના કામના ટેન્ડર ડોકયુમેન્ટ તથા વિગતો આ વેબસાઈટ www.rnb.nprocure.com ઉપરથી તા.૧૦/૧૨/૨૦૨૦ ના ૧૮:૦૦ કલાક સુધી અને અનુક્રમ નં.૨ ના કામના ટેન્ડર ડોકયુમેન્ટ તથા વિગતો તા.૨૫/૧૧/૨૦૨૦ ના ૧૮:૦૦ કલાક સુધી જોવા મળી શકશે નેમજ ભરી શકાશે.

આ કામો અંગેની વધારાની માહિતી વિગતવાર ઉપરોક્ત કચેરી તથા વેબસાઈટ પરથી મળી શકશે.

ઓનલાઈન ટેન્ડર અંગે અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં આ કચેરી તરફથી કરવામાં આવેલ સુધારા/વધારા ઈજારદરશ્રીએ ધ્યાને લેવાના રહેશે અને ત્યારબાદ ભાવો ભરવાના રહેશે. આ બાબતે ઈજારદરશ્રીની અંગત જવાબદારી રહેશે. **માહિતી/૧૫૦૬/૨૧-૨૨**

કોટક મહિન્દ્રા બેંક લિમિટેડ

રજી. ઓફિસ ૨૭ બીકેસી સીરજ જી બ્લોક, બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાન્દ્રા (પૂ) મુંબઈ – ૪૦૦૦૫૧
શાખા ઓફિસ: એગ્રી બિઝનેસ ગ્રૂપ, ૮મો માળ, 'એ' વિંગ, વિનસ એમેડિયસ, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ– ૩૮૦૦૧૫ ફોન નં. ૦૭૯ ૬૧૧૬૮૮૩૪, ૦૯૯૦૯૯૬૯૨૬૨ અને ૦૯૯૦૦૯૧૨૬૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સિક્યુર્ડ અસ્કામતો (જંગમ અને સ્થાવર મિલકતો) બાબતે વેચાણ સહ ટેન્ડર નોટિસ
(સંદર્ભ રૂલ ૬(૨) અને ૮(૬)ની જોગવાઈઓ)

આથી **મે. કમલદીપ કોલ્ડ સ્ટોરેજ કોટક મહિન્દ્રા બેન્ક લિ., (કેએમબીએલ)** પાસેથી નીચે પરિશિષ્ટમાં પૂર્ણપણે વર્ણવેલ સિક્યુરિટી સામે કેડીટ ફેસિલિટી મેળવેલ અને બેન્કે તેમને સરફેસી એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ **૨૧-મે-૨૦૨૧ના રોજ** ડિમાન્ડ નોટિસ જારી કરીને દેવાદાર નામે **મે. કમલદીપ કોલ્ડ સ્ટોરેજ તથા જામીનદારો નામે શ્રી રમેશચંદ્ર આર કાછવા, શ્રી ભૈરવ રમેશચંદ્ર કાછવા, શ્રીમતી કમલાબેન રમેશચંદ્ર કાછવાનાઓને બેંકની બાકી રકમ રૂા. ૨,૪૩,૩૩,૩૫૬.૧૦ (રૂપિયા બે કરોડ તેતાલીસ લાખ તેત્રીસ હજાર ત્રણસો છપ્પન ને દશ પૈસા પૂરા)** તા. ૨૦–મે–૨૦૨૧ના રોજની, ત્યારબાદના વ્યાજ, કોસ્ટસ અને ખર્ચાઓ વગેરે સહિત સદર નોટિસની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવણી કરી દેવા જણાવેલ.

આ દેવાદાર અને જામીનદારો બેંકની મોકલેલ સદર ડિમાન્ડ નોટિસ મુજબની બાકી રકમની ચુકવણી કરવામાં કસૂરવાર થતા, બેંકે આ સિક્યુર્ડ એસેટ્સ જે અહીં પરિશિષ્ટમાં પૂર્ણપણે વર્ણવેલ છે તેનો એક્ટની કલમ ૧૩(૪) હેઠળ સાંકેતિક કબજો લઈ લીધેલ છે.

આથી આ દેવાદાર, જામીનદારો અને ગિરવેદારો પૂર્ણ દેવું ચુકવવામાં નિષ્ફળ થતા, સિક્યુર્ડ કેડીટર જેનું નામ કોટક મહિન્દ્રા બેંક લિ.એ અહીં નીચે દર્શાવેલ સિક્યુર્ડ એસેટસ **"જે છે ત્યાં છે", "જે છે તે છે" અને "જેમ છે તેમ છે"** આધારે એક્ટની કલમ ૧૩(૪) સહિત વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમો–૬, ૮ અને ૯ હેઠળ વેચવાનું નિર્ધારિત કરેલ છે.

મિલકતનું પરિશિષ્ટ

સિક્યુર્ડ એસેટનું વિવરણ	અનામત કિંમત	ઈએમડી રકમ
તમામ ભાગ અને પૂર્ણપણે બિનખેતીનો ઔદ્યોગિક (કોલ્ડ સ્ટોરેજ) લીઝ હોલ્ડ મિલકત મે. કમલદીપ કોલ્ડ સ્ટોરેજ તરીકે ઓળખાય છે, કુલ જમીન માપ ક્ષેત્રફળ ૬૧૭૧.૦૦ ચો.મી. (વેચાણ કરાર અને ૭/૧૨ મુજબ કુલ જમીન વિસ્તાર ૧૪૨૬૫.૦૦ ચો.મી. અને પ્લાન તથા કોલ્ડ સ્ટોરેજ એનએ ઓર્ડર મુજબ ક્ષેત્રફળ ૬૧૭૧.૦૦ ચો.મી.) તેની પર આશરે ૨૨૪૨.૩૪.૦૦ ચો.મી. બાંધકામ સહિત, સદર જમીન પર તમામ અન્ય વર્તમાન તેમજ ભાવિ બંધકામ સહિત, પ્લાન્ટ અને મશીનરી સહિત, રેવન્યૂ સર્વે નં. ૧૫૦/પૈકી ૨ પૈકી (ખાતા નં. ૪૦૧), શ્રીનાથ હોટલની પાછળની બાજૂએ, મહાવીર કોલ્ડ સ્ટોરેજની પાછળની બાજૂએ, વડાવલ પાટીયા પાસે, ડીસા–ભિલડી હાઇવે, મોજે : વડાવલ, તાલુકો : ડીસા, જિલ્લો – બનાસકાંઠા, ગુજરાત, ભારત. મે. કમલદીપ કોલ્ડ સ્ટોરેજ (કેસીએસ) – ભાગીદારી પેઢીની માલિકી અને કબજો, ચારેબાજુઓ નીચે મુજબ છે : પૂર્વ: આંતરિક રોડ, પશ્ચિમે: સર્વે નં. ૧૪૯, ઉત્તરે: સર્વે નં. ૧૫૦/પૈકી, દક્ષિણે: સર્વે નં. ૧૪૭.	રૂ. ૪,૧૫,૦૦,૦૦૦.૦૦ (રૂપિયા ચાર કરોડ પંદર લાખ પૂરા)	રૂ. ૪૧,૫૦,૦૦૦.૦૦ (રૂપિયા એકતાલીસ લાખ પચાસ હજાર પૂરા)

વેચાણની વિગતો

ટેન્ડર ખોલવાની તારીખ અને સમય	**૨૪-૧૨-૨૦૨૧ના રોજ બપોરે ૩:૦૦ કલાકે**
ટેન્ડર ખોલવાનું સ્થળ	એગ્રી બિઝનેસ ગ્રૂપ, ૮મો માળ, એ વિંગ, વિનસ એમેડિયસ, જોધપુર ચાર રસ્તા, સેટેલાઇટ, અમદાવાદ–૩૮૦૦૧૫ (ગુજરાત)

નિયમો અને શરતો : ૧. બીડમાં ભાગ લેવા, ઇચ્છુક બિડરોએ તેમના ટેન્ડરો નિર્ધારિત ફોર્મેટમાં મહોરબંધ કવરમાં સંબંધિત મિલકત માટે જમા કરાવવાની બાનાની રકમ (ઇએમડી) (જે અનામત કિંમતના ૧૦%) સહિત પે ઓર્ડર / ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા કોટક મહિન્દ્રા બેંક લિ.ને અમદાવાદ ખાતે ચુકવવા પાત્ર, **અધિકૃત અધિકારી, કોટક મહિન્દ્રા બેંક લિમિટેડ એગ્રી બિઝનેસ ગ્રુપ, ૮મો માળ, એ વિંગ, વિનસ એમેડિયસ, જોધપુર ચાર રસ્તા, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. ૦૭૯-૬૭૧૬૮૮૩૪, ૦૯૯૦૯૬૯૨૬૨ અને ૦૯૯૦૦૯૧૨૬૨ના સરનામે જમા કરાવવાના રહેશે.** ૨. જો બીડ સફળ ન થાય તો ઈએમડી વ્યાજ વગર રિફંડ કરવામાં આવશે. ૩. ઈએમડી વગર મોકલેલા ટેન્ડરો અથવા ઉપર દર્શાવેલ અનામત કિંમત કરતાં ઓછી રકમવાળા ટેન્ડરો તરત જ રદ ગણવામાં આવશે. ૪. ઈએમડી સહિત ટેન્ડરો **કોટક મહિન્દ્રા બેંક લિ., એગ્રી બિઝનેસ ગ્રૂપ,** ૮મો માળ, એ વિંગ, વિનસ એમેડિયસ, જોધપુર ચાર રસ્તા, સેટેલાઇટ, અમદાવાદ–૩૮૦૦૧૫. **ફોન નં. ૦૭૯-૬૭૧૬૮૮૩૪, ૦૯૯૦૯૬૯૨૬૨ અને ૦૯૯૦૦૯૧૨૬૨ના રોજ સાંજના ૫:૦૦** કલાક સુધી અથવા તે પહેલાં જમા કરાવવાના રહેશે. ૫. ટેન્ડરો તા. ૨૪–૧૨–૨૦૨૧ના રોજ બપોરે ૩–૦૦ કલાકે ઉપરોક્ત સરનામે ખોલવામાં આવશે. ૬. ટેન્ડર અધિકૃત અધિકારીને જમા કરાવ્યા પછી પાછું ખેંચી શકાશે નહિ. ૭. સૌથી ઊંચી બોલીવાળા બીડરને મિલકતનું વેચાણ કરવામાં આવશે. જો તે સૌથી ઊંચી બોલી વધુ બીડરો દ્વારા બોલાયેલ હશે તો તે સૌથી ઉચ્ચ કિંમતવાળા બિડરો વચ્ચે ઇન્ટર–સે બિડીંગ યોજવામાં આવશે. સફળ બીડરે તેની તરફેણમાં વેચાણની પુષ્ટી થતા તાત્કાલિક બીડ રકમના ૨૫% રકમ (ઇએમડી બાદ કરતાં) જમા કરાવવાની રહેશે અને બાકીની રકમ વેચાણની તારીખથી ૧૫ દિવસ સુધીમાં જમા કરાવવાની રહેશે. ૮. નિર્ધારિત સમયમાં સૂચિત કરેલી રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ નીવડતા, જો ચુકવણી માટેની સમયમર્યાદા વધારેલી નહિ હોય તો, આ વેચાણ આપોઆપ રદ્દ ગણાશે અને જમા કરેલ અર્નેસ્ટ મની રૂલ્સના નિયમ ૯(૫) હેઠળ નક્કી કરેલી શરતો મુજબ જપ્ત કરવામાં આવશે. ૯. વેચાણ સર્ટિફિક